DATE :- 07/01/2026
GUJARAT SAMACHAR, PAGE-04, SURAT

# અડાજણ સ્ટાર બજાર ફલાયઓવર નીચે રૂ.૫૫ લાખના ખર્ચે બસ સ્ટેશન બનશે

(પ્રતિનિધિ દ્વારા) સુરત, મંગળવાર

સુરત મહાપાલિકા દ્વારા શહેરમાં ૨૦૦થી વધુ બસ સ્ટેશન બનાવવામાં આવ્યા છે. શહેરના અડાજણ વિસ્તારમાં સ્ટાર બજાર જંકશન ઉપર લાંબા સમયથી બસ સ્ટેશન બનાવવા માંગણી થઈ રહી હતી. આખરે આ દિશામાં તંત્રે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સ્ટાર બજાર જંકશન ઉપર હાલ સિટીબસ અને બીઆરટીએસ બસ દોડી રહી હોય નજીકના ભવિષ્યમાં મેટ્રો સ્ટેશન પણ શરૂ થવા જઈ રહ્યું હોય ફલાયઓવર નીચે બસ સ્ટેશન બનાવવા મંજૂરી માંગવામાં આવી છે.

## બીઆરટીએસ, મેટ્રો અને સિટી બસ માટે મહત્વપૂર્ણ જંકશન હોય મોડે મોડે નિર્ણય લેવાયો

સુરત મહાપાલિકાએ શહેરમાં બીઆટીએસ અને સિટી બસ દોડાવવા સેંકડોની સંખ્યામાં બસ સ્ટેશન અને બસ સ્ટેન્ડનું નિર્માણ કર્યું છે. આ પૈકી સિટી બસ સ્ટેન્ડ શોભાના ગાંઠિયા જેવા બની રહ્યાં છે. કરોડો રૂપિયાનો ખર્ચ પાણીમાં વહી ગયો છે. સિટીના રાંદેર, અડાજણ અને પાલ વિસ્તારમાં પણ સિટી બસ સ્ટેન્ડ ઉપર બસ થોભતી નથી અને કોઈ યાત્રીઓ પણ ઊભા રહેતા નથી. બીઆરટીએસ સેલની આ નિષ્ફળતા વચ્ચે તંત્ર દ્વારા અડાજણથી પાલને જોડતા મેઈનરોડ ઉપર આવેલા સ્ટાર બજાર જંકશન ફલાયઓવર નીચે બસ સ્ટેશન બનાવવા નિર્ણય લેવાયો છે. હાલ બીઆરટીએસ કે સિટી બસ ફલાયઓવર ઉપરથી પસાર. થઈ રહી છે. આ જંકશન મહત્વપૂર્ણ હોવા છતાં હજી એક કિલોમીટર સુધી બસ સ્ટેશન નહીં હોય એલ.પી. સવાણી રોડ જનારા મુસાફરોએ સંજીવ કુમાર ઓડિટોરિયમ સ્ટેશન સુધી યાત્રા કરવાની ફરજ પડી રહી છે. અડાજણ બીએપીએસ સર્કલથી પાલ રાજહંસ સર્કલ વચ્ચે એક પણ બસ સ્ટેશન નહીં હોવાથી ફલાયઓવર નીચે બસ સ્ટેશન બનાવવાનું નક્કી કરાયું છે.

રૂપિયા ૫૫ લાખના ખર્ચે આ સ્ટેશન બનાવવા આગામી સ્થાયી સમિતિની બેઠકમાં શાસકોની મંજૂરી માંગવામાં આવી છે. આ અંગે એજન્ડા ઉપર રજૂ થયેલી દરખાસ્ત ઉપર આગામી બેઠકમાં નિર્ણય થવા જઈ રહ્યો છે. શાસકો દ્વારા બસ સ્ટેશન બનાવવા મંજૂરી માંગતી દરખાસ્તને ગ્રીન સિગ્નલ આપવામાં આવે તો નજીકના ભવિષ્યમાં મેટ્રો રેલ, સિટી બસ અને બીઆરટીએસ બસને સાંકળી લેતી માસ ટ્રાન્સપોર્ટેશન સુવિધા માટે આ બસ સ્ટેશન મહત્વપૂર્ણ જંકશન બની રહેશે એવું તંત્રે જણાવ્યું હતું.